# સહારાના સુબ્રતા રોય તિહાર જેલમાં



નવી દિલ્હી, તા.૦૪

સહારાગ્રુપના વડા સુબ્રતા રોયને આજે મોટો ફટકો પડ્યો હતો. કારણ કે સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, તેમને કસ્ટડીમાં જ રાખવામાં આવશે. તેમની કસ્ટડીમાં વધારો થતાં તેમની ચિંતામાં પણ વધારો થયો છે. સુપ્રીમે કહ્યું હતું કે, મૂડીરોકાણકારોને ૨૦૦૦૦ કરોડથી વધુની રકમ નહીં ચુકવવા સાથે સંબંધિત કંપની સામે તિરસ્કારના કેસના સંબંધમાં સુબ્રતા રોયને રાહત આપી શકાય નહીં. રોય અને અન્ય બે ડિરેક્ટરોની કસ્ટડીને લંબાવવાનો સુપ્રીમે આદેશ કર્યો હતો. સુપ્રીમે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, નાણાંના રિફન્ડના મામલે સહારા ચેરમેનની દરખાસ્ત સાથે અમે ખુશ નથી. નક્કર દરખાસ્ત, બેંક ગેરન્ટી સાથે આવવા સુબ્રતાને આદેશ કરવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, રોકડ રકમમાં ચુકવણી કરવામાં આવી નથી જેથી આ કાયદાના તિરસ્કાર સમાન છે.

**સુબ્રતા રોયના ચહેરા ઉપર શાહી ફેંકાઇ**

સહારા ગ્રુપના વડા સુબ્રતા રોયને હવે તિહાર જેલમાં રહેવું પડશે અને તેમને કોઈપણ વીઆઈપી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી નથી. તિહાર જેલમાં સુબ્રતા રોયને જમીન ઉપર ઉંઘી જવાની સાથે જેલમાં બનેલા ભોજનને જ લેવું પડશે. જ્યારે તેઓ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા ત્યારે તેમના ચહેરા ઉપર શાહી ફેંકવામાં આવી હતી.

ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ચેક મારફતે ચુકવણી કરવાની જરૂર છે. અગાઉ સુપ્રીમ કોર્ટે છેલ્લા બુધવારે તેની સમક્ષ ઉપસ્થિત નહી થવા બદલ સહારાના વડા સુબ્રતા રોય દ્વારા માંગવામાં આવેલી માફીને સ્વીકારી લીધી હતી. સુનાવણી દરમિયાન રોયે એક ખાતરી પણ આપી હતી કે તેમના આદેશને પાળવામાં આવશે. મૂડીરોકાણકારોને તેમના નાણા પરત કરવા વધારે સમયની સુબ્રતા રોયે કરી હતી. રોયે સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે, કોર્ટમાં તેઓને સંપૂર્ણ વિશ્વાસ છે. જો આદેશને પાળવામાં ન આવે તો સજા કરવામાં આવી શકે છે. અગાઉના આદેશોને નહીં પાળવા બદલ સુપ્રીમે ઝાટકણી કાઢી હતી. સુપ્રીમે કહ્યું હતું કે, મામલો ખુબ જ ગંભીર છે. સહારાના વડાને ગઈકાલે રાત્રે સુપ્રીમ કોર્ટ સમક્ષ ઉપસ્થિત કરવા માટે નવીદિલ્હીમાં માર્ગ મારફતે લઈ જવામાં આવ્યા હતા. અત્રે નોંધનીય છે કે, રોયે શુક્રવારે શરણાગતિ સ્વીકારી લીધી હતી. ત્યારબાદ તેમની ઉત્તર પ્રદેશ પોલીસ દ્વારા વિધિવતરીતે ધરપકડ કરાઈ હતી. બે દિવસ સુધી ધરપકડને ટાળ્યા બાદ શરણાગતિ સ્વીકારી હતી. સુબ્રતા રોયનું કહેવું છે કે, સહારા ૨૨૫૦૦ કરોડની ચુકવણી કરવા તેની સંપત્તિને વેચશે. આ સંપત્તિનું વેચાણ આવતીકાલથી જ શરૂ થઈ શકે છે. આ કેસમાં અંગત રીતે દલીલો કરતા રોયે કહ્યું હતું કે, સંપત્તિનું વેચાણ ચાલી રહ્યું છે ત્યારે કંપની બાકીની રકમ માટે બેંક ગેરન્ટી આપશે.

## લાંચ કેસમાં રોલ્સ રોયસના તમામ સોદા પર પ્રતિબંધ

નવી દિલ્હી,તા.૪

સરકારે બ્રિટિશ કંપની રોલ્સ રોયસ સાથે સંકળાયેલા ભ્રષ્ટાચારના આરોપના મામલામાં સીબીઆઈ તપાસ પૂરી ન થાય ત્યાં સુધી કંપનીની સાથે પોતાના તમામ ભવિષ્યના કરારને રોકી દીધા છે. આ સોદાબાજી ઉપર પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરી દેવામાં આવી છે. આ ઉપરાંત સરંક્ષણ મંત્રાલયે આ કંપની દ્વારા લાંચ તરીકે લેવામાં આવેલી રકમને વસૂલ કરવાનો પણ નિર્ણય કર્યો છે. રોલ્સ રોયસની સોદાબાજી ઉપર પ્રતિબંધ મૂકવાનો કડક નિર્ણય કરવામાં આવ્યા બાદ ખળભળાટ મચી ગયો છે. સૂત્રોએ કહ્યું છે કે ભારત આ મામલામાં બ્રિટન સરકાર પાસેથી પણ માહિતી મેળવશે. જ્યાં સિરીયસ ફ્રોર્ડ ઓફિસ અન્ય મામલામાં રોલ્સ રોયસની સામે લાંચના આરોપોમાં તપાસમાં વ્યસ્ત છે. દરમિયાન રોલ્સ રોયસે કહ્યું છે કે તે કોઈપણ ખોટા આચરણને ચલાવી લેશે નહીં. તે લાંચના આરોપના મામલામાં ભારતીય અધિકારીઓને સંપૂર્ણપણે સહકાર આપશે. અત્રે નોંધનીય છે કે આ અગાઉ સરંક્ષણ મંત્રી એ કે એન્ટોનીએ વર્ષ ૨૦૦૭થી ૨૦૧૧ના ગાળા દરમિયાન એન્જિન બનાવનાર કંપની રોલ્સ રોયસ દ્વારા ૧૦ હજાર કરોડ રૂપિયાના સોદાને હાંસલ કરવા માટે સરંક્ષણ અધિકારીઓને લાંચ આપવા મુદ્દે સીબીઆઈ તપાસનો આદેશ કર્યો હતો. ભાજપ અને અન્ય રાજકીય પક્ષોએ આ મુદ્દો ઉઠાવીને આક્ષેપબાજીનો દોર શરૂ કરી દીધો છે. આ સોદાબાજી હોક તાલિમ અને જગુઆર યુદ્ધ વિમાનો માટે એન્જિનના પુરવઠા સાથે સંકળાયેલ છે. એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે આ કંપનીએ ૨૦૦૭થી ૨૦૧૧ વચ્ચે ૧૦ હજાર કરોડ રૂપિયાના લશ્કરી કોન્ટ્રાક્ટ હાંસલ કરવા માટે ભારતીય સરંક્ષણ અધિકારીઓને લાંચ આપી હતી. આ આરોપ સાથે સંબંધિત એક પત્ર તાજેતરમાં જ હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડને આપવામાં આવ્યો હતો. સૂત્રોનું કહેવું છે કે કંપનીએ એચએએલને કહ્યું છે કે તે લશ્કરી સોદાને હાંસલ કરવા માટે આસમોર પ્રાઈવેટ લિમિટેડને કમીશનની રકમ આપી હતી અને આ રકમ મોટી હતી. આક્ષેપોમાં તપાસ કરવામાં આવતા નક્કર પુરાવા સપાટી ઉપર આવ્યા હતા. લાંચ મામલે હવે રોલ્સ રોયસના તમામ સોદા ઉપર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. જેથી તે હવે ભારતમાં હાલ કોઈ સોદાબાજીમાં પડી શકશે નહીં.

## ભારતમાં વર્ષ ૨૦૧૨માં ૭૫ ટકાને કામચલાઉ નોકરી મળી છે

કોલકાતા, તા.૪

સ્ટાફિંગ ઈન્ડસ્ટ્રી દ્વારા તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતમાં માત્ર ૧૨ ટકા નોકરી ઈચ્છુકોને જ ૨૦૧૨માં કાયમી નોકરી મળી શકી હતી. જ્યારે ૭૫ ટકાથી વધુ નોકરી ઈચ્છુક લોકોને કામચલાઉ નોકરીમાં પડવાની ફરજ પડી હતી. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ભારતીય બજારમાં કામચલાઉ નોકરી મેળવી રહેલા લોકોની સંખ્યા સતત વધી રહી છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ભારતીય સ્ટાફિંગ માર્કેટનું કદ ૨૬૬૫૦ કરોડની આસપાસનું છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ભારતીય શ્રમ બજાર અસામાન્ય તરીકે છે. કારણ કે અનઓર્ગેનાઈઝ્ડ અથવા તો ઈન્ફોર્મલ સેક્ટરમાં આશરે ૯૦ ટકા ભારતીયો કામ કરી રહ્યા છે. માત્ર ૧૦ ટકા લોકો જ ઓર્ગેનાઈઝ્ડ અથવા ફોર્મલ સેક્ટરમાં કામ કરી રહ્યા છે. ઓર્ગેનાઈઝ્ડ સેક્ટરમાં કામ કરી રહેલા લોકોમાં ૬૮ ટકા લોકો જાહેર ક્ષેત્રની કંપનીમાં કામ કરી રહ્યા છે. અનઓર્ગેનાઈઝ્ડ અથવા ઈન્ફોર્મલ સેક્ટરની નોકરીમાં લોકોની સંખ્યા સતત વધી રહી છે. ભરતી અને રેવેન્યુના આંકડા કેલેન્ડર વર્ષ ૨૦૧૨ માટે ગણવામાં આવ્યા છે. કારણ કે ભારતીય કંપનીઓ માર્ચ ૨૦૧૪માં પૂરા થયેલા નાણાંકીય વર્ષ બાદ આ આંકડો જારી કરનાર છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે આંકડા દર્શાવે છે કે જુદા જુદા ક્ષેત્રોમાં ભરતીનો આંકડો જુદો જુદો રહ્યો છે. જ્યારે ૨૦૧૨માં રેવેન્યુનો આંકડો ટોપ સ્ટાફિંગ કંપનીઓમાં જુદો જુદો રહ્યો છે. અભ્યાસ મુજબ બેંગ્લોર સ્થિત એડેકો ભારતમાં એચઆર સોલ્યુસન કંપનીઓની યાદીમાં પ્રથમ સ્થાન ઉપર છે. રેવેન્યુમાં આ આંકડો ૧૪૬૦ કરોડની આસપાસનો છે. જ્યારે ટીમલિઝની હિસ્સેદારી આના કરતા ઓછી છે. અભ્યાસ મુજબ ટોચની ત્રણ કંપનીઓની કુલ માર્કેટ હિસ્સેદારીમાં મોટી ભૂમિકા રહી છે. ૨૦૧૨માં રેવેન્યુની વાત કરવામાં આવે તો એડીકો પ્રથમ ક્રમાંક ઉપર છે.

## યુક્રેન કટોકટી મુદ્દે રશિયા સાથે લશ્કરી સંબંધો અમેરિકાએ સસ્પેન્ડ કર્યા

વોશિંગ્ટન,તા.૪

અમેરિકી સરંક્ષણ વિભાગે કહ્યું છે કે યુક્રેનમાં મોસ્કોની લશ્કરી સામેલગિરી મામલે રશિયન સૈના સાથે તેની કવાયત અને અન્ય પ્રવૃત્તિ બંધ કરવામાં આવી રહી છે. યુક્રેન કટોકટી મુદ્દે રશિયા સાથે લશ્કરી સંબંધો અમેરિકાએ આખરે સસ્પેન્ડ કરી દીધા છે. પેન્ટાગોનના પ્રવક્તા નેવી રિયર એડમીરલ ઝોન



કિરબીએ કહ્યું છે કે અમેરિકી લશ્કરે રશિયા સાથે તમામ પ્રકારના લશ્કરથી લશ્કર સંબંધો સસ્પેન્ડ કરી દીધા છે જેમાં દ્વિપક્ષીય મિટીંગ, બંદરોની મિટીંગ અને આયોજન પરિષદનો સમાવેશ થાય છે. કિરબીએ કહ્યું છે કે પેન્ટાગોન સંબંધોને વધારે મહત્વ આપે છે પરંતુ રશિયા દ્વારા હાલમાં યુક્રેન મામલે જે વલણ અપનાવવામાં આવી રહ્યું છે તેના પરિણામ સ્વરૂપે અમેરિકા ખુશ નથી. છેલ્લા ઘણા વર્ષથી રશિયન લશ્કર સાથે અમેરિકાએ ખૂબ મજબૂત સંબંધ સ્થાપિત કર્યા છે. તેમણે કહ્યું છે કે તેમના બેઝમાં પરત ફરવા યુક્રેનના ક્રિમીયા પ્રદેશમાં રશિયન દળોને અપીલ કરવામાં આવી છે. અમેરિકા અન્ય દેશોએ રશિયા સામે પશ્ચિમી મોરચા ખોલવાની તૈયારી કરી લીધી છે. યુક્રેનના વ્યૂહાત્મક ક્રિમીયા પ્રદેશ ઉપર કબજો જમાવવા રશિયાએ ઝુંબેશ હાથ ધરી છે. પરંતુ જાણકાર લોકોનું કહેવું છે કે આના લીધે રશિયાને આર્થિક અને રાજદ્વારી નુકસાન થઈ શકે છે.

મોસ્કો સાથે ઘણા વર્ષો સુધી મૈત્રીપૂર્ણ સંબંધો રહ્યા બાદ અમેરિકા યુક્રેન મામલે ખૂબ જ ગંભીર છે. અમેરિકી પ્રમુખ બરાક ઓબામાએ આંતરરાષ્ટ્રીય કાયદાઓના ભંગમાં ક્રિમીયામાં રશિયન જવાનોની કૂચની ટીકા કરી છે. ઓબામાએ યુક્રેન સરકાર માટે સહાય પેકેજ મંજૂર કરવા કોંગ્રેસને અપીલ કરી છે. સાથે સાથે ઓબામાએ એમ પણ કહ્યું છે કે જો પ્રમુખ વ્લાદિમિર પુતિન તેમની યોજનાથી પીછેહટ કરશે નહીં તો રશિયાને આર્થિક અને રાજદ્વારી રીતે નુકસાન પહોંચાડવામાં આવશે. ઓબામાએ ગઈકાલે વિદેશ પ્રધાન અને સરંક્ષણ પ્રધાન સહિત તેમની રાષ્ટ્રીય સુરક્ષા ટીમ સાથે વાતચીત કરી હતી. ફ્રાન્સના વિદેશ મંત્રીનું કહેવું છે કે ક્રિમીયા પર રશિયન અંકુશને લઈને પગલાં લેવાઈ રહ્યા છે. યુરોપીયન યુનિયનમાં નિકાસને બંધ કરવાની ધમકી પણ અમેરિકાએ રશિયાને આપી છે.

## મોદી આને વાલા હે નામથી નવો જ અભિયાન ચલાવાશે

નવીદિલ્હી,તા.૪

ભાજપે લોકસભાની ચૂંટણીમાં જીત મેળવવાના હેતુસર તમામ પ્રયોગોકરવાની શરૂઆત કરી દીધી છે. ચૂંટણી પ્રચારના અભિયાનને વધુ તીવ્ર બનાવવાના હેતુસર ભાજપે હવે મોદી આને વાલા હે નામથી નવા અભિયાનની શરૂઆત કરવાની તૈયારી કરી છે. રાજકીય રીતે સૌથી વધારે બેઠકો ધરાવનાર અને સૌથી મહત્વપૂર્ણ ગણાતા ઉત્તરપ્રદેશના તમામ વિધાનસભા ક્ષેત્રોમાં મોદી આને વાલા હે અભિયાન ચલાવવામાં આવશે. આ નવા અભિયાન હેઠળ પાર્ટીના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીના રથ તમામ ગામમાં જઈને મોદીની સિદ્ધિઓ ઉપર પ્રકાશ ફેંકશે. મોદીના સમર્થક તેમની લહેરને સુનામીને ફેરવી નાંખવાના પ્રયાસમાં લાગી ગયા છે. પાર્ટીના વ્યૂહરચનાકાર ઉત્તરપ્રદેશમાં મોદીની એક પછી એક નવ રેલી યોજી દીધા બાદ હવે તેમના વિચારો, જાહેરાતો અને વચનોને તમામ ગામ સુધી પહોંચાડવાની તૈયારીમાં છે. નવા અભિયાન હેઠળ મોદીના ગુણગાન કરનાર રથ તમામ વિધાનસભા ક્ષેત્રમાં જશે. મોદીના વિચારને ગીત, ફિલ્મ અને ભાષણ મારફતે રજૂ કરવામાં આવશે. પાર્ટીએ આ અભિયાનને મોદી આને વાલા હૈ નામ આપ્યું છે. પાર્ટી સૂત્રોએ કહ્યું છે કે, ગામે ગામ જનાર ૪૦૦ રથ તૈયાર કરવામાં આવ્યા છે. દરેક વિધાનસભા ક્ષેત્રમાં એક રથ મોકલવામાં આવશે. આવા કુલ ૪૦૦ રથ ૪૦૩ વિધાનસભા ક્ષેત્રોમાં જશે. આ રથ ઉપર મોદી પોતે એલઈડી ટેલિવિઝન ઉપર નજરે પડશે. આ ઉપરાંત હોર્લિંડગ્સ, ધ્વજ અને પેમ્પ્લેટ અને ફોટા ઉપર નરેન્દ્ર મોદી રહેશે. ભાજપના પ્રદેશ પ્રભારી અમિત શાહે કહ્યું છે કે, આ રથ ૧૨૦૦૦ ગામોમાં પરિભ્રમણ કરશે. આ રથની સાથે સાથે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી તથા રાષ્ટ્રીય પ્રમુખ રાજનાથસિંહના ઓડિયો અને વિડિયો કેસેટ રજૂ કરવામાં આવશે. ભાજપે સમગ્ર પ્રદેશમાં ૧૪૦૦૦૦ મતદાન મથકોની પસંદગી કરી છે. આ એવા બૂથ છે જ્યા કોઈપણ ચૂંટણીમાં પક્ષની સ્થિતિ સારી રહી નથી. આવા બૂથ મોટાભાગે બુંદેલખંડ અને પૂર્વાંચલમાં છે. અભિયાન હેઠળ એવા ક્ષેત્રોની પસંદગી વિશેષ રીતે કરવામાં આવી છે જ્યાં સારો માર્ગોની સ્થિતિ દેખાઈ રહી નથી અને વિજળીની સ્થિતિ પણ નથી.

### Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪નું ચાલુ)

લગ્નનું ઘર હોય ત્યાં લગભગ છેલ્લી પંગતમાં છોકરો-છોકરી એમનાં મિત્રો અને ખાસ ખાસ સગાંવહાલાં જમવા બેસતાં હોય છે. રસોઈયાઓને આ વાતનો ખ્યાલ હોય છે, એટલે જલેબી કે ભજિયાંનો લોટ બચાવીને રાખે. જેવી બાતમી મળે કે પેલાં ખાસ લોકો બેઠાં એટલે પેલું ગરમાગરમ ચાલુ કરે. એક પ્રસંગે આવું જ હતું, છેલ્લી પંગત બેઠી પણ ભજિયાં-શાક-પુરી ઠંડા આવ્યા, જલેબી આવી જ નહીં એટલે છોકરીની મમ્મીએ પતિનો વારો કાઢ્યો, 'ખબર નથી પડતી, આ લોકો શું કહેશે? કયાંથી પકડી લાવ્યા છો આવો ફાલતું રસોઈયો?' પતિએ શાંતિથી જવાબ આપ્યો, ''રસોઈયો તારા ભાઈએ જ નક્કી કર્યો છે.'' પત્ની પર પછાડતી ચાલી ગઈ...

થોડીવારમાં જોયું તો ગરમ ભજિયાં પુરી જલેબી બધું ફટાફટ આવવા લાગ્યું એટલે બહેન ફરી ફોર્મમાં, જોયું ને મારા ભાઈની કલામ, ગરમાગરમ આવવા માંડ્યું ને? સારું હતુ મારો ભાઈ હતો બાકી લોકો શું કહેત? કોઈ વાતની જાહેરાત કરવી હોય તો એકાદી બહેનને કહી દેવાનું કે, 'આ વાત કોઈને કહેતી નહીં.' બસ બ્રેકીંગ ન્યૂઝની જેમ એ વાત ફરી વળશે... સાડી, ડ્રેસ, કાનની બુટ્ટીઓ, સેન્ડલ, બ્લાઉઝ, પર્સ, ટિફીન દરેક વસ્તુ મહિલાઓ યારે ખરીદે ત્યારે એમનાં મનમાં એક જ વાત હોય છે, 'લોકો શું કહેશે?' આમ તો જો ભૂલથી મારો આ લેખ અમારાં શ્રીમતી વાંચશે, તો જરૂરથી કહેશે જ કે આ બધું લખો છો અમારાં માટે, ''લોકો શું કહેશે?''

***ચૂંટલો :***

વિશ્વ મહિલા દિવસે અત્યાચાર, સ્ત્રીભ્રૂણ હત્યા, સ્ત્રીની કરૂણા, દુ:ખ જેવાં વિષયો અને સ્ત્રી સમોવડીયાની વાતોથી વાતાવરણ ભારેખમ બનતું હોય છે, બાકી આપણી આસપાસ જ રહેતી અનેક સ્ત્રીઓ અને એમનાં રમુજી કિસ્સા આપણને હળવાફૂલ રાખે છે. આપણા જીવનને જીવંત બનાવતી દરેક યુવતીઓને મહિલા દિનની મુબારક.

## ૧૫મી લોકસભામાં હાજરીના મામલે યુવા સાંસદો આગળ

નવી દિલ્હી,તા.૪

૧૫મી લોકસભાના યુવા ચહેરા જયંત ચૌધરી, દિપેન્દ્રસિંહ હુડા, ધર્મેન્દ્ર યાદવ, સારીકા સિંહ, અનુરાગ ઠાકુર, હમદુલ્લા સઈદ જુદા જુદા રાજકીય પક્ષોનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે પરંતુ આ તમામમાં સમાનતા એક એ રહી છે કે, વર્તમાન લોકસભાના યુવા સાંસદોમાં તેમની હાજરીનો રેકોર્ડ ખુબ શાનદાર રહ્યો છે. લોકસભા સચિવાલયમાં આંકડા દર્શાવે છે કે, રાષ્ટ્રીય લોકદળની સારીકાસિંહ ૧૫મી લોકસભાના જુદા જુદા સત્રમાં ૯૦ ટકાથી વધુ હાજરી નોંધાવી હતી અને યુવા પેઢીમાં તમામ લોકોને પાછળ છોડી દીધા હતા. આ મામલામાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીનો રેકોર્ડ માત્ર ૪૩ ટકા



રહ્યો છે. રાહુલે માત્ર બે ચર્ચામાં ભાગ લીધો હતો અને કોઈ પ્રશ્નોના જવાબ આપ્યા ન હતા. કોઈ પ્રશ્ન પણ કર્યા ન હતા. રાજસ્થાનના મુખ્યપ્રધાન વસુંધરારાજેના પુત્ર અને રાજ્યના ઝાલાવાડ બારન બેઠકથી ભાજપના સભ્ય દુષ્યંતસિંહની હાજરીનો રેકોર્ડ ૭૦ ટકા રહ્યો હતો. તેઓએ ૩૫૧ પ્રશ્ન પુછ્યા હતા અને ૩૧ ચર્ચાઓમાં ભાગ લીધો હતો. આજ રીતે નહેરુ ગાંધી પરિવારના અન્ય એક સભ્ય વરુણ ગાંધીની ઉપસ્થિતિનો રેકોર્ડ ૬૩ ટકા રહ્યો હતો. વરુણ ગાંધીએ ૬૪૧ પ્રશ્ન કર્યા હતા અને બે ચર્ચાઓમાં ભાગ લીધો હતો. બેંગ્લોર ગ્રામીણમાંથી કોંગ્રેસના સાંસદ ડીકે સુરેશની સંસદમાં ૧૦૦ ટકા ઉપસ્થિતિ રહી હતી અને તેઓએ ૧૨ પ્રશ્ન કર્યા હતા પરંતુ કોઈપણ ચર્ચામાં ભાગ લીધો ન હતો. ૯૦થી વધારે ઉપસ્થિતિ દાખલ કરાવનાર સાંસદોમાં એમબી રાજેશનું નામ પણ સામેલ છે. રાજેશે ૯૩ ટકા હાજરી આપી હતી. ૧૩૪ ચર્ચામાં ભાગ લીધો હતો અને ૫૧૩ સવાલ કર્યા હતા. સમાજવાદી પાર્ટીના ધર્મેન્દ્ર યાદવે ૭૨, દિપેન્દ્ર હુડાએ ૮૧, મિલિંગ મુરલી દેવરાએ ૮૮, અશોકકુમાર રાવતે ૮૬ ટકા સંસદમાં હાજરી આપી હતી. કોંગ્રેસના શ્રુતી ચૌધરીએ ૮૧ ટકા ઉપસ્થિતિ નોંધાવી હતી. ભાજપના અનુરાગ ઠાકુર ૮૫ ટકા ગૃહમાં ઉપસ્થિત રહ્યા હતા. એકંદરે યુવા પેઢીના સાંસદોની ઉપસ્થિતિ ખુબ શાનદાર રહી હતી અને આ લોકોએ દાખલો બેસાડ્યો છે. ૧૫મી લોકસભામાં યુવા પેઢીના સાંસદોની ગંભીરતા મહત્વપૂર્ણ રહી છે.

## સ્ટાર ખેલાડી ગ્રીમ સ્મિથેની નિવૃતિ લેવા માટેની ઘોષણા

કેપટાઉન,તા.૪

દક્ષિણ આફ્રિકાના સ્ટાર ખેલાડી ગ્રીમ સ્મિથે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની એકાએક જાહેરાત કરતા ક્રિકેટ ચાહકોમાં ખળભળાટ મચી ગયો હતો. દક્ષિણ આફ્રિકાના સૌથી અનુભવી ટેસ્ટ કેપ્ટન અને એક સ્ટાર બેટ્સમેનની કેરિયરનો અંત આવી ગયો હતો. ઓસ્ટ્રેલિયા સામે રમાઈ રહેલી ટેસ્ટ મેચના ત્રીજા દિવસની રમતના અંતે પોતાના સાથી ખેલાડીઓ સાથે આ અંગેની વાત કરતા તેના સાથીઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ કેપ્ટન હેન્સી ક્રોનિયેને આવરી લેતા મેચ ફિક્સીંગ કૌભાંડમાંથી ટીમને બહાર લાવવામાં સ્મિથે મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી હતી. ૨૦૦૩માં ઘર આંગણે



વર્લ્ડકપમાં ખૂબ જ કંગાળ દેખાવ કર્યા બાદ સ્મિથે આફ્રિકન ટીમને મજબૂત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. સ્મિથને જ્યારે જવાબદારી સોંપવામાં આવી ત્યારે તમામ લોકો ભારે નારાજ હતા પરંતુ ટૂંકાગાળામાં જ સ્મિથે આફ્રિકાને પ્રથમ ક્રમાંકિત ટીમ તરીકે બનાવવામાં સફળતા મેળવી હતી. સ્મિથે ક્રિકેટ સાઉથ આફ્રિકાને મોકલેલા નિવેદનમાં જણાવ્યું છે કે તેના માટે આ ખૂબ મુશ્કેલ નિર્ણય પૈકીનો એક નિર્ણય છે પરંતુ હવે તે આંતરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ રહ્યો છે. આફ્રિકન ક્રિકેટમાં રમવાના ગૌરવ બદલ તે ખૂબ જ ખુશ છે. કેપટાઉનમાં રમાઈ રહેલી ત્રીજી ટેસ્ટ મેચના ત્રીજા દિવસે સ્મિથે સાથીઓ સાથે વાત કરતા કહ્યું હતું કે આ મેચ બાદ તે નિવૃત્તિ લઈ લેશે. ગયા વર્ષે એપ્રિલ મહિનામાં સર્જરી કરાયા બાદથી સ્મિથ મુશઅકેલી અનુભવી રહ્યો હતો. ૧૮ વર્ષની વયથી તે આફ્રિકન ટીમમાં સક્રિય થયેલો હતો. ગયા વર્ષે મહાન ઓલરાઉન્ડર જેક કાલીસે નિવૃત્તિ લીધા બાદ હવે વધુ એક સ્ટાર ખેલાડીએ નિવૃત્તિ લઈ લીધી છે. ૩૩ વર્ષીય સ્મિથ હાલમાં નિરાશ પણ દેખાઈ રહ્યો છે. ૧૧૭મી ટેસ્ટ મેચ બાદ તે હવે નિવૃત્તિ લઈ રહ્યો છે. રસપ્રદ બાબત એ છે કે સ્મિથે ૮મી માર્ચ ૨૦૦૨ના દિવસે આ ટીમ સામે જ ટેસ્ટ પ્રવેશ કર્યો હતો.

### ગુલમહોર (પાના નં. ૪ નું ચાલુ)

દશરથ તેના ઘર – પરિવાર માટે કોઈ કામધંધો ના કરે અને આખો દિવસ ઘરેથી નીકળી પડે અને પહાડી ઉપર જઈને દિવસો, મહિનાઓ વર્ષો વીતાવે. આ જોઈને ગામના લોકો પણ વાતો કરવા માંડ્યા હતા કે "દશરથ માંઝી તો બાવરા હો ગયા હૈ..." એટલે કે આ તો ગાંડો થઈ ગયો છે. દશરથની લગાતાર ૨૨ વર્ષની મહેનત રંગ લાવી. સને ૧૯૫૪માં જે કામ શરુ કર્યું હતું એ સને ૧૯૭૬માં પુરું થઈ ગયું.

દશરથે પહાડને લગભગ ૨૦ ફીટની પહોળાઈ સુધી કાપી કાઢ્યો હતો. પહાડ ચીરી નાખ્યો હતો. પ્રેમના જૂનૂનનું આ પરિણામ હતું. ૨૪ વર્ષનો ભરજુવાન દશરથ સને ૧૯૭૬માં હવે ૪૬ વર્ષનો થઈ ગયો હતો. તેણે આ કામ માટે પોતાની જુવાની ખર્ચી કાઢી હતી. ફાલ્ગુનીદેવીની યાદમાં ગામને રસ્તો અપાવવા તેણે પોતાની જિંદગી દાવ ઉપર લગાવી દીધી હતી.

દશરથ માટે દુ:ખની વાત તો એ હતી કે તેના એકલપંડના આ સાહસ પ્રત્યે ગામના લોકો બેપરવા હતા. કારણ કે રસ્તો સમતળ કરવાનું અને બનાવવાનું કામ તો હજુ બાકી હતું. સને ૧૯૭૬ પછી ૩૨ વર્ષનાં વહાણાં વીતી ગયાં અને દશરથ માંઝીનું ૭૮ વર્ષની ઉંમરે અવસાન થયું. જો કે છેલ્લે છેલ્લે ગામના લોકોએ દશરથ માંઝીનું સન્માન પણ કર્યું અને ગામને પાદર તેની સ્મૃતિમાં એક છત્તર પણ બંધાવ્યું.

સને ૨૦૦૮માં દશરથ માંઝીનું મૃત્યુ થયું એ પછી ગ્રામજનોમાં કંઈક સળવળાટ થયો. લોકોમાં એકાએક જાગૃતિ આવી કે સરકારની રાહ જોયા વિના હવે રસ્તો બાંધવાનું કામ શરુ કરવું જોઈએ.

દશરથે પહાડ ચીરીને જગ્યા તો કરી આપી હતી. ગામના લોકોએ સ્વેચ્છાએ અઠવાડિયાના ત્રણ દિવસ શ્રમયજ્ઞ કરીને ત્રણ દિવસ રસ્તાનું બાંધકામ કરવાના વારા બાંધી લીધા અને કામ શરુ કર્યું. સને ૨૦૦૮થી અત્યાર સુધીમાં ગામના લોકો ૧૭ કિલોમીટરમાંથી ફક્ત ૫ કિલોમીટર સુધી રસ્તાનું કામ કરી શક્યા છે. હજુ ૧૨ કિલોમીટરનો રસ્તો બાંધવાનું કામ બાકી જ છે.

જો કે પહાડ ચીરીને કરવામાં આવેલું આ પરાક્રમ દશરથ માંઝી અને ફાલ્ગુનીદેવીના પ્રેમની નિશાની છે. એક તરફ શાહજહાંએ મુમતાજની યાદમાં બંધાવેલો તાજમહલ અને એક તરફ દશરથે પોતે પહાડ ચીરીને ફાલ્ગુનીદેવીની યાદમાં બનાવેલી ૨૦ ફીટ પહોળાઈની જગ્યા. અમર પ્રેમની એક નિશાની આ પણ છે. માત્ર બોલાયેલા શબ્દો કે રૂપિયા-પૈસાથી ખરીદાયેલી ચીજવસ્તુઓ – ભેટસોગાદો એ જ માત્ર પ્રેમ નથી. નહીં બોલાયેલા શબ્દો પણ પ્રેમ છે. હૃદયના મળી ગયેલા ધબકારાઓ પણ પ્રેમ છે. બે હૃદયના મળી ગયેલા શ્વાસો પણ પ્રેમ છે અને એકાદ અમીનજર પણ પ્રેમ છે.

***સ્ટોપર :***

"પ્રેમગલી અતિ સાંકડી, જા કે દુજો ના સમાય."

## સમાચાર ઝલક

- ***કેતન પારેખને છેતરપિંડીનાં કેસમાં બે વર્ષની સજા.***
- ***રોલ્સ રોયસ સાથેના કરારો મોકુફ રાખતું સંરક્ષણ ખાતુ***
- ***રાષ્ટ્રપતિએ વાંધો ઉઠાવતાં ભ્રષ્ટાચાર વિરોધી વટહુકમ મુલતવી રહ્યો.***
- ***પાકિસ્તાનમાં હિન્દુઓને નાનકા સાહિબમાં પ્રવેશતાં અટકાવાયા.***
- ***રેલ્વે સ્ટેશનો પર ટિકીટ કાળાબજાર માટે ટાઉટોનો ભારે દબદબો.***
- ***નવસારીમાં યોગગુરૂ બાબા રામદેવના આગમનથી વિવાદના એંધાણ.***
- ***અમદાવાદમાં આંખ-કીડની-કેન્સરની સરકારી હોસ્પિટલનું ભૂમિપૂજન કરાયું. ૮૦૦ કરોડનો ખર્ચ - બે વર્ષે શરૂ થશે.***
- ***ઓલપાડ તાલુકાના માસમાની ધો.૧૨ની વિદ્યાર્થીની સોનલ પટેલની કરપીણ હત્યા.***
- ***૨૦૦૫ અગાઉની નોટો બદલવા માટે ૩૧ ડિસે.૨૦૧૪ સુધી સમય લંબાવાયો.***
- ***ગુજરાતમાંથી અમેરિકામાં ૨૮% થી વધુ દવાઓની નિકાસ.***
- ***ઉત્તર ભારતમાં કોલ્ડવેવ, કાશ્મીરમાં વરસાદ હિમવર્ષા બંનેનું જોર.***
- ***મ્યુચ્યુલ ફંડમાં રૂા.૫૦,૦૦૦ સુધી રોકાણની છૂટ મળશે, પાન નંબર પણ નહીં આપવો પડે.***
- ***સ્વિસ બેન્કની માહિતી ભારતને નહિ મળે, સ્વિસ સરકારનો સ્પષ્ટ ઇન્કાર.***
- ***ગાઝિયાબાદમાં ૪ પત્નીઓ અને ૨૬ સંતાનોથી કંટાળીને એક શખ્સે જીવન ટુંકાવ્યું.***
- ***ડીઝલમાં માસિક ભાવવધારો હવેથી બંધ થશે.***
- ***બેંક કર્મચારીઓ વેતન વધારા અંગે સમાધાનની શક્યતા. ૧૫% વેતન વધશે.***
- ***જૂનાગઢના શાપુર-નાના કાજલીયાણા બે ગામો ગુજરાતના પ્રથમ 'સ્માર્ટ વિલેજ' બનશે.***
- ***તા.૧૦મી માર્ચે ઝવેરીઓની દેશવ્યાપી હડતાળ.***
- ***ક્રિકેટના સટ્ટામાં હવે મહિલા બુકીઓનો પ્રવેશ, નવો ટ્રેન્ડ જોવા મળ્યો.***
- ***અમદાવાદમાં બી.આર.ટી.એસ. બસથી ઉતરીને જવા માટે સાયકલ ભાડે મળશે.***
- ***વિદાય લેતું નાણાંકીય વર્ષ નિરાશાજનક.***